

# મહિલા સુરક્ષા
## જાગૃતિ અભિયાન
## સાવચેતીમાં જ સુરક્ષા

**મહિલાઓની સુરક્ષા અંગે અમદાવાદ શહેર પોલીસ હંમેશાં સજાગ રહી છે.
પરંતુ મહિલાઓએ પણ પોતાની સુરક્ષા અંગે સાવચેત રહેવું અતી આવશ્યક અને જરુરી છે.
આપની થોડીજ સાવચેતી આપને સુરક્ષિત રાખશે.**







**અમદાવાદ શહેર પોલીસ દ્વારા મહિલાઓની સુરક્ષા અંગે સતત કાર્યરત રહી મહિલાઓ વધુ સુરક્ષિત બને તેવા પ્રયત્નોના ભાગરુપે નવતર કાર્યક્રમો અને અભિયાનો ચલાવી મહિલાઓમાં જાગૃતતા અને જાણકારી ફેલાવવામાં આવી રહી છે.**

- મહિલા હેલ્પલાઈન ૧૦૯૧ ને વધારે અસરકારક બનાવવા પોલીસ હાર્ટ વેબસાઈટ કાર્યરત કરવામાં આવી છે જેનો લાભ લઈ કેટલીય મહિલાઓ મુશ્કેલીના સમયમાં પોલીસની મદદ મેળવી સુરક્ષિત બની છે.
- શાળા-કોલેજની કન્યાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી રહી છે. હજારો કન્યાઓને મહિલાઓના કાયદા અંગે માહિતગાર કરવામાં આવી છે.
- મહિલા સુરક્ષા અને સશકિતકરણ ની કામગીરી ને વધુ મહિલાઓ સુધી પહોચાડવા માટે વિવિધ સ્થળોએ પોસ્ટર્સ, બેનર્સ, લીફલેટ અને બુકલેટનુ નિર્માણ કરી વહેંચણી કરવામાં આવી રહી છે.
- ડોક્યુમેન્ટરી ફિલ્મના નિર્માણ કરી તેને પ્રસારિત કરવામાં આવે છે.

**આપને જરુરી મદદ માટે મહિલા હેલ્પલાઇન ૧૦૯૧ પર સંપર્ક કરો. આ સિવાય આપના નજીકના પોલીસ સ્ટેશન કે ડીસીપી કચેરીનો સંપર્ક કરો.**

**મહિલાઓની સુરક્ષા અંગેના તમામ અભિયાનો , કાર્યક્રમો અને કાયદાઓ અંગે દરરોજ અપડેટ થવા અમારા પેજ**

**jagruti**

**http://www.facebook.com/jagrutahmedabad**

**પર મુલાકાત કરો.**





બસમાં ચડતા ઉતરતા સાવધ રહો.







# શાળા-કોલેજની યુવતીઓ માટે સુરક્ષા સંબંધી સુચનો

- આપનુ કોઇ છુપા કેમેરાથી વિડીયો શૂટીગ ન કરે તેની કાળજી રાખો.
- આપનો કાયમી અવર-જવર નો માર્ગ હંમેશાં ભીડ-ભાડવાળો જ પસંદ કરો.
- નિયમીત પીછો કરતી વ્યકિતઓ અંગે પોલીસને જાણ કરો.
- તમારો મોબાઇલ નંબર હંમેશાં વિશ્વસનીય વ્યકિતઓને જ આપો.
- શક્ય હોય તો મોડી રાતની પાર્ટીઓમાં જવાનું ટાળો.
- પાર્ટીમાં અજાણી વ્યકિતઓ દ્વારા ઓફર કરાયેલા પીણા પીવાનું ટાળો.
- તમારો ટયુશનમાં કે અન્ય કોચીગ માં જવાનો સમય વહેલી સવારનો કે મોડી રાતનો ન રાખો.
- મોડી રાતની મુસાફરી શક્ય હોય તો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં જ કરવાનો આગ્રહ રાખો.
- અજાણી વ્યકિતઓ ની લીફટ લેવાનું ટાળો.
- કોઇ તમારી સાથે બળજબરી કરવાની કોશીશ કરે તો બુમાબુમ કરો જેથી આજુ બાજુના લોકોને જાણ થાય.
- તમારા મિત્રો સાથે અવાવરુ જગ્યાએ જવાનું ટાળો.
- પ્રવાસમાં જાઓ ત્યારે હંમેશાં ગ્રુપમાં જ રહો.
- રોજીંદા પરીવહન સમયે પરેશાન કરતા લોકો અંગે પોલીસને જાણ કરો.
- કોલેજ બહાર ફરતા રોમીયો જેવુ વર્તન કરતા યુવકો અંગે કોલેજના આચાર્ય કે મહિલા સેલ ને જાણ કરો.
- શક્ય હોય તો તમારા કીચેઇનમાં એક નાની વ્હિસલ રાખો, જેનાથી મુશ્કેલીમાં તે વગાડી લોકોને જાણ કરી શકો.
- કોઇની સાથે અડીને ગ્રુપ ફોટો ન પડાવો. કેટલાક લોકો આવા ફોટાઓનો ગેરફાયદો ઉઠાવી શકે છે.
- તમારા તમામ મિત્રોની ફોન નંબર સહિતની તમામ માહિતી તમારા માતાપિતા ને આપી રાખો.
- લોભામણા ઇ-મેઇલ કે એસ.એમ.એસ નો જવાબ ન આપો.
- તમારા મેઇલ આઇડી કે મોબાઇલ પર ઘણી વાર આપને લાખો રુપીયાની લોટરી લાગી છે કે આપના ખાતામાં રુપીયા જમા કરાવવા છે તમારા એકાઉન્ટ નંબર સાથેની વિગતો મોકલાવો તેવા ઈમેઈલ કે એસ.એમ.એસ નો ક્યારેય જવાબ ન આપો.
- એ.ટી.એમ નો ઉપયોગ કરતી વેળા અન્ય કોઇ વ્યકિત અંદર ન હોય તે ચકાસી લો.
- તમે જ્યારે તમારો પીન નંબર લખતા હોય ત્યારે અન્ય વ્યકિત તે જુએ નહિ તેનુ ધ્યાન રાખો.
- જ્યારે પણ એટીએમ નો ઉપયોગ કરી કાર્ડ બહાર કાઢતા પહેલાં કેન્સલ કરીનેજ બહાર કાઢો.
- તમારા નેટબેંકીગ તેમજ ડેબીટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડના પાસવર્ડ નિયમીત અંતર બદલતા રહો.
- છાપાઓમાં ફીમેલ ફ્રેન્ડશીપના નામે આવતી હજારો રુપીયા કમાવવાની લોભામણી જાહેરાતોમાં ક્યારેય ફસાવવુ નહિ..

**સોશિયલ નેટવર્કીંગ સાઇટના ઉપયોગ દરમિયાન રાખવાની કાળજી**

- તમારા અકાઉન્ટનો પાસવર્ડ નિયમીત બદલતા રહો.
- પ્રોપાઇલમાં તમારી અંગત માહિતી ન મુકો.
- કોઇ ને સંદેશો મોકલવો હોય તો સીધો તે વ્યકિતને જ મળે તે રીતે મેસેજ બોકસ મારફતે જ મોકલો.
- બને ત્યાં સુધી તમારુ લોકેશન અપડેટ કરવાનું ટાળો.
- તમારા નામનુ ડમી એકાઉન્ટ ખુલ્યાની જાણ થાય તો તુરંત સર્વિસ પ્રોવાઇડરને જાણ કરો, જરુરી લાગે તો પોલીસ કમ્પલેઇન પણ કરો.
- ચેટીગ દરમિયાન યુવતીઓએ ક્યારેય તેમનો ચહેરો દર્શાવવો નહી કે ફોટોગ્રાફ આપવો નહી.
- સામેની વ્યકિતનુ સાચુ નામ, સરનામું, અભ્યાસ, નોકરી-વ્યવસાય તેમજ તેના પરિવારની તમામ માહિતી મેળવો.
- સાયબર મિત્ર ધમકી આપે કે બ્લેક મેલ કરેતો તુરંત જ પોલીસને ફરિયાદ કરો.

**વોટસએપ ના ઉપયોગ દરમિયાન ધ્યાન રાખવાની બાબતો**

- અજાણ્યા નંબરોને બ્લોક કરી દો.
- ટ્રુ કોલર સોફટવેર નો ઉપયોગ કરો.
- તમારી સહમતી સિવાય કોઇ વ્યકિત તમારી પ્રોફાઇલ ન જોઇ શકે તેવા સેટીગ કરો.

**કોઈપણ મુશ્કેલીમાં મહિલા**
**હેલ્પલાઈન ૧૦૯૧ અને**
**પોલીસ ઈમરજંસી ૧૦૦ નંબર પર સંપર્ક કરો.**
**આ નંબરોને તમારા મોબાઈલમાં જલ્દિ ડાયલ કરી શકાય તેવી રીતે સ્ટોર કરી રાખો.**
**આપની થોડી જ સાવચેતી..**
**આપને સુરક્ષિત રાખશે.**

## સાવચેતીમાં જ સુરક્ષા.



બારી બારણાના પરદા હંમેશા બંધ રાખો.



તમે પીતા પીણા યોગ્ય રીતે તપાસીને જ પીવો.









સ્કુલ / કોલેજ આવવા જવાનો રસ્તો ભીડભાડ વાળો જ પસંદ કરો.



હંમેશા ગ્રુપમાં જ રહો.





તમારો મોબાઇલ નંબર વિશ્વસનીય વ્યક્તિ ને જ આપો.



અજાણ્યા વ્યક્તિની લીફ્ટ ન લો.



લીફ્ટમાં અવર જવર કરતી વખતે કંટ્રોલ પેનલની બાજુમાં જ ઉભા રહો.



તમારૂ કોઇ છુપા કેમેરાથી શૂટીંગ તો નથી કરતુ તેની કાળજી રાખો.







## Ahmedabad City Police Suraksha Setu Society

Police Commissioner Office, Shahibaug, Ahmedabad.

# SEXUAL ASSAULT OFFENCES UNDER THE INDIAN PENAL CODE (IPC)

| Indian Penal Code (IPC) | Offence | Punishment | Types of Offence |
|---|---|---|---|
| 100 | When the right of private defence of the body. | Extends to causing Death | Non bailable |
| 166-A | Public servant disobeying direction under law. | Imprisonment for One year | Bailable |
| 288 | Person publish or print the matter which reveal identity of victim | shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both. | Non bailable |
| 326-A | Voluntarily causing grievous hurt by use of acid, etc. | Imprisonment for not less than ten years but which may extend to imprisonment for life and fine . | Non bailable |
| 326-B | Voluntarily throwing or attempting to throw acid. | Imprisonment for five years but which may e)dend to seven years and fine. | Non bailable |
| 354 | Assault or use of criminal force to woman with intent to outrage her modesty. | A imprisonment of I year which may extend to 5 years, and with fine. | Non bailable |
| 354-A | (1) Sexual harassment of the nature of unwelcome physical contact and advances or a demand or request for sexual favours.<br>2) Sexual harassment of the nature of making sexually coloured remark or showing pornography or any other unwelcome physical, verbal or non-verbal conduct of sexual nature. | Imprisonment which may extend to 5 years or with fine or with both.<br>Imprisonment which may extend to I year or with fine or with both. | Non bailable<br>Bailable |
| 354-B | Assault or use of criminal force to woman with intent to disrobe | Imprisonment of not less than 3 years but which may extend to 7 years and with fine. | Non bailable |
| 354-C | Voyeurism | Iprisonment of not less than I year but which may extend to 3 years and with fine for first conviction.<br>Imprisonment of not less than 3 year but which may extend to 7 years and with fine for second or subsequent conviction | Bailable<br>Non bailable |
| 354-D | Stalking | Imprisonment of not less than I year but which may extend to 3 years and with fine. | Non bailable |
| 376 -1 | Sexual assault. | Rigorous imprisonment of not less than 7 years but which may extend to imprisonment for life & with fine. | Non bailable |
| 376-2 | Sexual assault by a police officer or a public servant or Member of armed forces or a person being on the management or on the staff of a jail, remand home or other place of custody or women's or children's institution or by a person on the management or on the staff of a hospital, and sexual assault committed by a person in a position of trust or authority towards the person assaulted or by a near relative ofthe person assaulted. | Rigorous imprisonment of not less than 10 years but which may extend to imprisonment for life and with fine. | Non bailable |
| 376-A | Person committing an offence of sexual assault and inflicting injury which causes death or causes the person to be in a persistent vegetative state. | Rigorous imprisonment of not less than 20 years but which may extend to imprisonment for life which shall mean the remainder of that person's natural life or with death. | Non bailable |
| 376-B | Sexual assault by the husband upon his wife during separation. | Imprisonment for not less than 2 years but which may extend to 7 years and with fine. | Non bailable |
| 376-C | Sexual intercourse by a person in authority. | Rigorous imprisonment for not less than 5 years but which may extend to 10 years and with fine. | Non bailable |
| 376-D | Sexual assault by gang. | Rigorous imprisonment for not less than 20 years but which may extend to imprisonment for life which shall mean the remainder of that person's natural life and compensation to the victim. | Non bailable |
| 376-E | Repeat Offenders. | imprisonment for life which shall mean the remainder of that person's natural life or with death. | Non bailable |
| 509 | Word, gesture or act intended to insult the modesty of a woman. | Shall be punished with simple imprisonment for a term which may extend to Three year, or with fine, or with both | Non bailable |
| 511 | Punishment for attempting to commit offences | Punishable with imprisonment for life or other imprisonment. | Non bailable |

Police HEART
Help Emergency Alert Rescue Terminal
મહિલા મુશ્કેલીમાં પોલીસહાર્ટ મદદમાં 1091
રજિસ્ટર કરો www.policeheart.com

# અમદાવાદ શહેર પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી

## પોલીસ કમિશનર કચેરી, શાહીબાગ, અમદાવાદ.

સુરક્ષા સેતુ સોસાયટી

ગુજરાત પોલીસ
સેવા સુરક્ષા શાંતિ
અમદાવાદ શહેર

# ભારતીય દંડ સંહિતા (આઇ.પી.સી) મુજબ મહિલાઓ પર થતા જાતિય હુમલાના ગુનામાં દંડ અને સજાની જોગવાઇ

| કલમ આઇ.પી.સી | ગુનો | સજા | ગુના નો પ્રકાર |
|---|---|---|---|
| ૧૦૦ | જો કોઇ વ્યકિત મહિલા પર બળાત્કાર કરવાના ઇરાદે હુમલો કરે, સૃષ્ઠિ વિરુધ્ધ કામવાસના સંતોષવા હુમલો કરે, અપહરણ કે અપનયન કરવાના ઇરાદાથી હુમલો કરે, જો કોઇ વ્યકિત એસિડ ફેંકે કે ફેકવામાં મદદ કરે | મહિલાને સ્વરક્ષણ માટે હુમલો કરનારનું મૃત્યુ નિપજાવવા સુધીનો અધિકાર મળે છે. | બિન જામીનપાત્ર |
| ૧૬૬-એ | જો કોઇ જાહેર નોકર ભોગ બનનારની ફરિયાદ નોંધવામાં નિષ્ફળ જાય તો | જાહેર નોકરને પણ દંડ અને સજાની જોગવાઇ છે | જામીનપાત્ર |
| ૨૮૮-ક | જો કોઇ વ્યકિત બળાત્કારનો ભોગ બનેલી વ્યકિતનુ નામ અથવા તેની ઓળખ જાહેર થાય તેવુ કાંઇ છાપે કે પ્રસિધ્ધ કરે | તેવી વ્યકિતને પણ દંડ અને સજા થઇ શકે છે. | બિન જામીનપાત્ર |
| ૩૨૬-એ | જો કોઇ વ્યકિત ઇરાદા પૂર્વક એસિડ ફેંકી ગંભીર રીતે ઇજા પહોંચાડે કે જે ઇજાથી કાયમી અથવા આંશિક અથવા વિકૃત અથવા કદરુપતા આવે તે રીતે અથવા અપંગ બનાવે અથવા દઝાડે | ઓછામાં ઓછી દસ વર્ષ કે વધુમાં વધુ આજીવન કેદ તથા દંડ કે જે દંડ ઇજા પામનારને સારવાર માટે ખર્ચ થયો હોય તે ભરપાઇ કરી શકે. | બિન જામીનપાત્ર |
| ૩૨૬-બી | જો કોઇ વ્યકિત ઇરાદા પૂર્વક એસિડ ફેંકવાનો પ્રયત્ન કરે અથવા એસિડ ફેંકવામાં મદદ કરે કે જેનાથી ગંભીર ઇજા થઇ શકે કે જે ઇજાથી કાયમી અથવા આંશિક અથવા વિકૃત અથવા કદરુપતા આવે તે રીતે અથવા દાઝી શકે | ઓછામાં ઓછી પાંચ વર્ષ કે વધુમાં વધુ સાત વર્ષની કેદ તથા દંડ થઇ શકે છે. | બિન જામીનપાત્ર |
| ૩૫૪ | કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદે તેના પર હુમલો કરે કે ગુનાહિત બળ વાપરે તો | ઓછામાં ઓછી એક વર્ષ કે વધુમાં વધુ પાંચ વર્ષની કેદ તથા દંડ થઇ શકે છે. | બિન જામીનપાત્ર |
| ૩૫૪-એ | જો કોઇ પુરુષ,<br>• કોઇ સ્ત્રીના શરીરને સ્પર્શ કરી, ગર્ભિત રીતે અથવા અપમાનજનક શબ્દોમાં અથવા સ્પષ્ઠ રીતે લાજ લેવાની માગણી કરે<br>• લાજ લેવાની માગણી કે વિનંતી અંગે તરફેણ કરે<br>• સ્ત્રીની ઇચ્છા વિરુધ્ધ અશ્લીલ સાહિત્ય બતાવે<br>• અને શરીર સંબંધ બાંધવા અશ્લીલ નજરથી જોયા કરે તો | તેવી વ્યકિતને દંડ અને ત્રણ વર્ષની સજા અથવા બંન્ને થઇ શકે છે.<br><br>એક વર્ષની કેદ અને દંડ. | બિન જામીનપાત્ર<br><br>જામીનપાત્ર |
| ૩૫૪-બી | જો કોઇ પુરુષ કોઇ સ્ત્રી પર શારીરીક હુમલો કરે અથવા ગુનાહિત બળ વાપરે અથવા તેમાં મદદ કરે તેમજ સ્ત્રીના ઇરાદાપૂર્વક કપડાં ઉતારે અથવા નગ્ન થવા માટે તીવ્ર રસ પેદા કરે | ઓછામાં ઓછા ત્રણ વર્ષ અને વધુમાં વધુ સાત વર્ષની સજા અને દંડ થઇ શકે છે. | બિન જામીનપાત્ર |
| ૩૫૪-સી | કોઇ સ્ત્રી પોતાને કોઇ જોઇ શકશે નહી તેવું માની તે જગ્યાએ તે સ્ત્રી જે કાર્ય સામાન્ય રીતે જાહેર જગ્યામાં કે કોઇ ની હાજરીમાં ન થઇ શકે તેવી જગ્યાએ કરી રહી હોય ત્યારે સ્ત્રીના ગુપ્તાંગને અથવા પાછળના ભાગને અથવા સ્તનને અથવા મળમૂત્ર કરતી હોય તેવી જગ્યાએ જઇ કોઇ પુરુષ સ્ત્રીની અંગત પળોને નિહાળે અથવા તો તેના ફોટા પાડે કે વિડીયો ઉતારે | ઓછામાં ઓછી એક વર્ષની કે વધુમાં વધુ ત્રણ વર્ષની કેદ તમજ દંડ થઇ શકે, અને બીજી વાર આજ ગુનો કરેતો ઓછામાં ઓછી ત્રણ કે વધુમાં વધુ સાત વર્ષની કેદ તેમજ દંડ. | બિન જામીનપાત્ર |
| ૩૫૪-ડી | જો કોઇ પુરુષ કોઇ સ્ત્રીનો બદ ઇરાદા સાથે વારંવાર પીછો કરે અથવા સંપર્ક કરે અથવા સંપર્ક કરવાનો પ્રયત્ન કરે કે જે પુરુષનો બદઇરાદો છતો કરે તથા તે સ્ત્રીની દેખરેખ રાખવા ઇન્ટરનેટ-ઇમેલ કે કોઇપણ ઇલેક્ટ્રોનીક ઉપકરણોની મદદ લે | પ્રથમ ગુનામાં વધુમાં વધુ ત્રણ વર્ષની કેદ અથવા દંડ અને બીજી વારના ગુનામાં વધુમાં વધુ પાંચ વર્ષની સજા તેમજ દંડ. | બિન જામીનપાત્ર |
| ૩૭૬-૧ | કોઇ પણ વ્યકિત પર બળાત્કાર કરનારને | ઓછામાં ઓછી સાત વર્ષ અને વધુમાં વધુ આજીવન કેદ તથા દંડ. | બિન જામીનપાત્ર |
| ૩૭૬-૨ | જો કોઇ વ્યકિત પોતાના હાથ નીચે કામ કરતી, પોતાને વિશ્વાસથી સોંપેલી, ગર્ભવતી, સંમતી અથવા અશકિતમાન હોય, પોતાના અંકુશમાં હોય, માનસિક કે શારીરીક રીતે વિકલાંગ હોય, કોમી તોફાનો દરમિયાન કોઇ સ્ત્રી પર બળાત્કાર કરે | ઓછામાં ઓછી દસ વર્ષ અને વધુમાં વધુ જીવનના અંત સુધીની કેદ અને દંડ. | બિન જામીનપાત્ર |
| ૩૭૬-એ | આઇ.પી.સી ૩૭૬-૧ અને ૩૭૬-૨ દરમિયાન ઇજા પામેલ સ્ત્રી મૃત્યુ પામે | ઓછામાંઓછી વીસ વર્ષ અને વધુમાં વધુ જીવનના અંત સુધીની કેદ અથવા મૃત્યુદંડ. | બિન જામીનપાત્ર |
| ૩૭૬-બી | પોતાનાથી અલગ રહેતી પોતાની પત્નિ ઉપર તેના પતિ દ્વારા બળાત્કાર કરવામાં આવે | ઓછામાં ઓછી બે વર્ષ અને વધુમાં વધુ સાત વર્ષની કેદ. | બિન જામીનપાત્ર |
| ૩૭૬-સી | પોતાના હવાલામાં હોય તેવી સ્ત્રી પર જાહેર નોકર દ્વારા કે જેલના કે રીમાન્ડ હોમના સુપ્રીન્ટેન્ડેન્ટ અથવા કોઇ હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા તેમના હવાલામાં હોય તેવી સ્ત્રી પર બળાત્કાર કરે તો | ઓછામાં ઓછી પાંચ વર્ષ અને વધુમાં વધુ દસ વર્ષની કેદ તેમજ દંડ. | બિન જામીનપાત્ર |
| ૩૭૬-ડી | જો કોઇ વ્યકિતઓ દ્વારા કોઇના પર સામુહિક બળાત્કાર કરવામાં આવે | તમામને ઓછામાં ઓછી વીસ વર્ષની અને વધુમાં વધુ જીવનના અંત સુધીની કેદ. | બિન જામીનપાત્ર |
| ૩૭૬-ઇ | જો કોઇ બીજી વાર બળાત્કાર કરવાનો ગુનો કરે તો | તેને જીવનના અંત સુધીની કેદ કે મૃત્યુદંડ. | બિન જામીનપાત્ર |
| ૫૦૯ | કોઇ વ્યકિત દ્વારા સ્ત્રીના શીલનું અપમાન કરવાના ઇરાદાથી ઉચ્ચારેલા શબ્દો, ચેષ્ઠા અથવા એવું કોઇ કૃત્ય કરવામાં આવે તો | તેને ત્રણ વર્ષ સુધીની કેદ કે દંડ થઇ શકે છે. | બિન જામીનપાત્ર |
| ૫૧૧ | કોઇ વ્યકિત બળાત્કાર કરવાનો પ્રયત્ન કરતો | સજા અને દંડ. | બિન જામીનપાત્ર |

Police HEART
Help Emergency Alert Rescue Terminal
મહિલા મુશ્કેલીમાં પોલીસહાર્ટ મદદમાં
1091
રેજિસ્ટર કરો
www.policeheart.com




1. Speed Dial or 1091 key is pressed by Victim in emergency situation.
   પીડીતા સ્પીડ ડાયલ અથવા ૧૦૯૧ કી દબાવે છે.
2. HEART server which is kept at Police Control Room picks up your call.
   હાર્ટ સર્વર જે પોલીસ કન્ટ્રોલ રૂમમાં મુકાયું છે તે તમારો કોલ ઉપાડે છે.
3. HEART sends Automatic SMS alert to Parents / Relatives / Friends. If only you have Registered
   હાર્ટ પીડીતાના માતા-પિતા-મિત્ર-સંબંધીને તાત્કાલીક એસએમએસ મોકલે છે. જો તમે રજીસ્ટર થયેલા હોય તો.
4. Police Operator will speak with you. If you are unable to speak do not worry they will get your location and send PCR Van to rescue you.
   પોલીસ ઓપરેટર તમારી સાથે વાત કરવાની કોશીશ કરે છે પરંતુ તમે વાત કરવાની સ્થિતીમાં નથી તો તે તમારું લોકેશન મેળવીને તમને બચાવવા પી.સી.આર. વાન તુરંત રવાના કરે છે.
5. PCR Van rushes to the spot to rescue the Victim and catch the Perpetrators.
   પી.સી.આર. વાન તુરંત ઘટના સ્થળે પહોંચી તમને બચાવે છે અને ગુનેગારને પકડે છે.

Suraksha Setu Society

# મહિલાઓને વધુ સુરક્ષિત બનાવવા અમદાવાદ શહેર પોલીસની નવી પહેલ

AHMEDABAD POLICE

# Police HEART

## Help Emergency Alert Rescue Terminal

| મહિલા મુશ્કેલીમાં પોલીસહાર્ટ મદદમાં | 1091 | રજિસ્ટર કરો www.policeheart.com |
|---|---|---|







- ✗ No need to speak — વાત કરવાની જરૂર નથી
- ✗ No Smart Phone — સ્માર્ટ ફોનની જરૂર નથી
- ✗ No GPS — જીપીએસની જરૂર નથી
- ✓ Any Mobile — કોઈપણ મોબાઈલ ચાલશે
- ✓ Any Landline — કોઈપણ લેન્ડલાઈન ફોન ચાલશે
- ✓ Roaming Users — રોમીંગ ઉપભોક્તા પણ ઉપયોગ કરી શકશે.

Registration Form

Type HEART and Send SMS on 9227121091

Register at www.policeheart.com

આપ HEART ટાઈપ કરી 9227121091 ઉપર SMS મોકલો.
અમારા તરફથી આપને માહિતી માટે ફોન આવશે.

તમે ફોર્મ ભરીને પણ રજીસ્ટર કરી શકો છો. ફોર્મ મેળવવાના સ્થળ:
- સુરક્ષા સેતુ કેન્દ્ર, પોલીસ કમિશ્નર કચેરી, શાહીબાગ, અમદાવાદ
- તમામ નાયબ પોલીસ કચેરી
- તમામ પોલીસ સ્ટેશન
- મહિલા પોલીસ સ્ટેશન

# ડાયલ ૧૦૯૧

હાર્ટ પીડીતાના સંબંધીઓને પણ એસએમએસમાં ઘટના સ્થળની વિગત મોકલશે જેથી તેઓ પણ બચાવ કામગીરીમાં સહયોગ કરી શકશે.

પીડીતાને વાત કરવાની જરૂર નથી. એક વાર સ્પીડ ડાયલ બટન દબાવશે તો તેમને તાત્કાલીક મદદ મળી જશે.

**હાર્ટના ફાયદા**

હાર્ટ પીડીતાને બચાવવા માટે ઘટના સ્થળનું લોકેશન પોલીસને આપે છે.

## પોલીસ હાર્ટ-૧૦૯૧ શું છે ?

હાર્ટ-હેલ્પ ઈમરજન્સી એલર્ટ રેસ્કું ટર્મીનલ હાર્ટ સરવર પોલીસ કન્ટ્રોલ રૂમમાં મુકાયું છે.જ્યારે પણ તમે તકલીફ (બળાત્કાર, જાતીય સતામણી,માનસિક ત્રાસ,ઘરેલુ હિંસા,લૂંટફાટ,દહેજ,અપહરણ અને છેડતી)માં હોવ ત્યારે હાર્ટ પોલીસ તમારા માતા-પિતા,મિત્ર તથા સંબંધીને એલર્ટ કરે છે. જો તમે બોલવાની પરિસ્થીતીમાં ના હોવ તો તમારું લોકેશન મેળવે છે.

## પોલીસ હાર્ટ-૧૦૯૧ કેવી રીતે તમારા મોબાઈલ/લેન્ડ લાઈનમાં કન્ફીગર કરવું ?

તમારા મોબાઈલ/લેન્ડલાઈન ની એડ્રેસ બુકમાં ૧૦૯૧ ને પોલીસ હાર્ટ તરીકે સેવ કરો.

૨. સ્પીડ ડાયાલ કીમાં નં. ૧ તરીકે કન્ફીગર કરો.

૩. રજીસ્ટર કરો http://www.policeheart.com/ અથવા આપ HEART ટાઈપ કરી 9227121091 ઉપર SMS મોકલો. અમારા તરફથી આપને માહિતી માટે ફોન આવશે.

## પોલીસ હાર્ટ-૧૦૯૧ મદદ મેળવવા શું કરવું ?

જ્યારે પણ તમે સંકટની પરિસ્થિતીમાં હોવ જેમ કે બળાત્કાર, જાતીય સતામણી, માનસિક ત્રાસ, ઘરેલુ હિંસા, લૂંટફાટ, દહેજ, અપહરણ અને છેડતી માટે તાત્કાલીક મદદ જોઈએ ત્યારે તમે ૧૦૯૧ (ટોલ ફ્રી ) કોલ કરો.

## કેવી રીતે મદદ લેવી?

તમારા મોબાઈલ/લેન્ડલાઈનની સ્પીડ ડાયાલ કી દબાવો અથવા ડાયલ કરો ૧૦૯૧

## પોલીસ હાર્ટ-૧૦૯૧ તમને કેવી રીતે મદદ કરશે ?

૧. હાર્ટ સરવર જે પોલીસ કન્ટ્રોલ રૂમમાં મૂકાયું છે તે તમારો કોલ ઉપાડશે.

૨. પોલીસ કન્ટ્રોલ રૂમનાંના કોમ્પ્યુટર સ્કીન ઉપર તમારી એલર્ટ આવી જશે.

૩. તમારે ફોન કાપવો નહીં.

૪. પોલીસ ઓપરેટર તમારી સાથે વાત કરવાની કોશીશ કરશે અગર તમે વાત કરવાની સ્થિતીમાં નહીં હો તો ફીકર નહીં કરવી, એ તમારા આસપાસના અવાજો સાંભળી રહ્યા છે.

૫. પોલીસ ઓપરેટર તમારું લોકેશન મેળવીને તમને બચાવવા પી.સી.આર. વાન રવાના કરશે.

• આ સેવા ખૂબ સરળતાથી ઉપલબ્ધ છે. પોલીસ હાર્ટ-૧૦૯૧ સાથે સંપર્ક કરવા માટે સ્માર્ટ ફોન હોવો જરૂરી નથી. જી.પી.એસ. સર્વીસ પણ અનિવાર્ય નથી. કોઈપણ લેન્ડલાઈન-મોબાઈલ કે રોમીંગ હોય તો પણ ૧૦૯૧ નં. જોડી પોલીસ હાર્ટની મદદ મેળવી શકાય છે.

## શા માટે રજીસ્ટ્રેશન કરવું અગત્ય છે ?

કોઈપણ વ્યક્તિ http://www.policeheart.com/ પર સગા-સંબંધી, મિત્રો કે સહકર્મચારી મહિલાઓ માટે રજીસ્ટર કરાવી શકે છે. જ્યારે પણ તમે મુશ્કેલીમાં હશો ત્યારે પોલીસ તો તમારી મદદ આવે જ છે પણ તમારા માતા-પિતા, મિત્ર, સંબંધીને એસએમએસ મોકલે છે જેથી બધી જ બાજુથી તમને મદદ પહોંચી શકે.



HEART sends SMS to relatives with location so they get alerted and backup the rescue operation.

The victim does not need to speak. Once it presses the speed dial key or dials 1091. She would get urgent help

**Benefits of HEART**

HEART gives the location to the police to urgently reach the spot and rescue the victim

## What is Police HEART-1091?

HEART Help Emergency Alert Rescue Terminal. HEART server is Kept at Police control room. Whenever you are in an emergency situation (rape, molestation, eve teasing, domestic violence, kidnaping and you need) then HEART would alert the Police, your parents/relatives/friends and get your location if you are not in a position to speak

## How to confing Police HEART -1091service on your Mobile/Land Line ?

1. In your mobile/land line address book save 1091 as Police HEART.
2. Configure it as no.1 in your speed dial key.
3. Register your mobile no and your friend, relatives nos on the site http://www.policeheart.com/ or You can also register via SMS. Just type Heart and send SMS on 9227121091. You will receive a call from us to verify your registration details.

## When to use Police HEART-1091 ?

Whenever you are in an emergency situation like rape, molestation, eve teasing, domestic violence, kidnaping and you need urgent help from the police call 1091 (toll free)

## How to use?

Just press Speed Dial key in your Mobile/Land line. Alternatively you can also dial 1091.

## How Police HEART service works ?

1. HEART Server which is kept at Police Control room will pick up your call
2. Simultaneously Police Control room would also get alert flashed on their Computer screens
3. Do not disconnect the phone.
4. Automatically you would get connected to the Police Operator who would try to speak with you.
5. Even if you are unable to speak do not worry the Police Operator would be able to hear the background voices and analyze the situation.
6. The Police Operat or would get to know your location and a PCR (police control room ) van which is nearest to your location would be sent to rescue you.

**Note:** Police HEART-1091 services can be used from any mobile phone or any landline. It does not require a smart phone or GPS. Even if you are a roaming user you can use these services.

## Why registration is important ?

If in problem when you dial 1091. Other then police receiving your call for help, your Parents/Relatives/Friends will get a SMS Alert. It will also help Police to get in touch with them and thus the response time can be reduced and you can receive help faster.



**Police HEART**

**Help Emergency Alert Rescue Terminal**

મહિલા મુશ્કેલીમાં પોલીસહાર્ટ મદદમાં | 1091 | રેજિસ્ટર કરો www.policeheart.com

**Police HEART Registration Form : www.policeheart.com**

- Fill this form and hand it over to your nearest Jan Seva Kendra / Police Station / DCP Office.
- You can also register by sending SMS. Type HEART and send SMS to 9227121091. Once we receive your SMS we will call you back to verify your details.
- Online registration on **www.policeheart.com**

**પોલીસ હાર્ટમાં નોંધણી માટેનું ફોર્મ**

- ફોર્મને ભરીને નજીકના પોલીસ સ્ટેશન / નાયબ પોલીસ કમિશ્નરશ્રીની કચેરી / પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે જમા કરાવવું.
- તમારે એસ.એમ.એસ. મારફતે રજીસ્ટ્રેશન કરી શકાશે. આ માટે HEART ટાઈપ કરી મો. નં. 9227121091. પર એસ.એમ.એસ. મોકલી આપવાનો રહેશે. જેના આધારે સામેથી સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી અને ચકાસી રજીસ્ટ્રેશન કરી આપવામાં આવશે.
- જાતે રજીસ્ટ્રેશન કરવા માટે www.policeheart.com પરથી કરી શકાશે.

સુરક્ષા સેતુ સોસાયટી

| | |
|---|---|
| Registrant Mobile Number<br>રજીસ્ટર કરનારનો મોબાઈલ નંબર | |
| Name<br>નામ | |
| Surname<br>અટક | |
| Write here your simcard's Company Name<br>અહીં તમારા સીમકાર્ડની કંપનીનું નામ લખો | |
| Birth Date<br>જન્મ તારીખ | |
| Current Address<br>હાલનું સરનામું | |
| City<br>શહેર | |
| Permanent Address<br>કાયમી સરનામું | |

## Friend and Relative Network Numbers: મિત્ર તથા સ્નેહીજનોની વિગત

| No.<br>અ.નં. | Name<br>નામ | Mobile Number<br>મોબાઈલ નંબર | Relation (Father, Mother, Brother, Sister, Husband, Wife, Friend, Others)<br>સંબંધ (પિતા, માતા, ભાઈ, બહેન, પતિ, પત્ની, મિત્ર, અન્ય) |
|---|---|---|---|
| 1. | | | |
| 2. | | | |
| 3. | | | |
| 4. | | | |
| 5. | | | |
| 6. | | | |
| 7. | | | |
| 8. | | | |
| 9. | | | |
| 10. | | | |

**For any help call 1091**